# ૧૮, ઓગષ્ટ–૨૦૧૫

**(૧) રોજર્સ કપ : ટેનિસ :–**
- વિમેન્સ સિંગલ્સ વિજેતા : બેલિન્ડા બેન્ક્કિ (સ્વિત્ઝર્લેન્ડ)
  હરિફ : સિમોના હાલેપ (રોમાનિયા)
- મેન્સ સિંગલ્સ વિજેતા : એન્ડી મરે (બ્રિટન)
  હરિફ : નોવાક ચોકોવીચ (સર્બિયા)

**(૨) અનિર્બાન – ગોલ્ફ :–**
- તાજેતરમાં યોજાયેલ અમેરિકન પીજી ગોલ્ફ ચેમ્પિયનશીપમાં ભારતીય ગોલ્ફર અનિર્બાન લાહિરીએ પાંચમુ સ્થાન મેળવી ઇતિહાસ રચ્યો હતો.
- કોઇપણ મેજર ગોલ્ફ ચેમ્પિયનશીપમાં પાંચમાં સ્થાને પહોંચનાર લાહિરી પ્રથમ ભારતીય ગોલ્ફર બન્યો.
- આ સાથે લાહિરી આ ટૂર્નામેન્ટમાં પાંચમું સ્થાન મેળવતાં ૧૪ સ્થાનની છલાંગ લગાવી કારકીર્દિના સર્વશ્રેષ્ઠ સ્થાન ૩૮માં ક્રમે પહોંચી ગયો હતો.
- અમેરિકન પીજી ગોલ્ફ ચેમ્પિયનશીપ વિજેતા : જેસન ડે (ઓસ્ટ્રેલિયા)

**(૩) વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો UAE પ્રવાસ :–**
- ૩૪ વર્ષ બાદ ભારતીય વડાપ્રધાન UAE ની મુલાકાતે ગયા. છેલ્લે ૧૯૮૧મા ઇન્દિરા ગાંધી UAE ના સત્તાવાર પ્રવાસે ગયા હતા.
- UAE સંયુક્ત આરબ પ્રાંતો ભેગા મળીને બનેલ દેશ છે.
- ચીન, અમેરિકા બાદ યુનાઇટેડ આરબ અમિરાત (UAE) ભારત સાથે દ્વિપક્ષિય વેપાર કરવામાં ત્રીજા સ્થાને છે.
- ભારત સાથે UAE નો દ્વિપક્ષિય વેપાર ૧૯૭૦માં ૧૮ કરોડ ડોલરનો હતો જે આજે ૬૦ કરોડ ડોલરે પહોંચી ગયો છે.
- UAE રાજધાની – આબુધાબી
- UAE ચલણ – દિહરામ
- શહેઝાદા – શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન
- વડાપ્રધાન – શેખ મોહમ્મદ બિન રાશીદ અલ મક્તુમ
- અબુધાબીમાં મોદીની યુએઇના શહેઝાદા સાથે મંત્રણા બાદ ૩૧ મુદ્દાનું જોઇન્ટ સ્ટેટમેન્ટ જારી કરાયું હતું.

**ભારત અને UAE ના મંત્રણાના મહત્વના અંશ :–**
- UAE ભારતમાં રૂા. ૫ લાખ કરોડનું રોકાણ કરશે.
- બંને દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો અને રાષ્ટ્રીય સુરક્ષા પરિષદો વચ્ચે સંવાદનો સેતુ ઉભો કરાશે અને બંને દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો વચ્ચે છ મહિને બેઠક યોજાશે.
- UAE – ઇન્ડિયા ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ફંડ થકી UAE ભારતમાં રોકાણો વધારશે
- ભારતમાં ડિફેન્સ ઇક્વિપમેન્ટ્સના ઉત્પાદનમાં સહકાર માટે UAE સંમત
- શિક્ષણ વિજ્ઞાન, ટેકનોલોજી, અક્ષય ઉર્જા, ડેઝર્ટ ઇકોલોજી, શહેરી વિકાસ, એડવાન્સડ હેલ્થકેર તથા સ્પેસક્ષેત્રે પણ દ્વિપક્ષી સહકાર વધારાશે.
- મોદીએ આબુધાબીમાં આવેલી વિશ્વની ત્રીજી સૌથી મોટી એવી શેખ ઝાયેદ જામા મસ્જિદની મુલાકાત લીધી હતી.
- તેમજ વડાપ્રધાન મોદીએ યુએઇનું મસ્દર સીટી જે વિશ્વનું પહેલું પ્રદુષણ રહિત (કાર્બન ફ્રી) સીટી છે તેની મુલાકાત લીધી હતી.

વિવેકાનંદ એકેડમી (સે-૨૨) મો.૯૯૨૫૬૯૮૭૨૧

**(૪) પ્રો. એમ.સી. વાર્ષ્ણેય :**

- ગુજરાત રાજ્યની કામધેનું યુનિવર્સિટીના કુલપતિ પ્રો. એમ. સી. વાર્ષ્ણેયની ઇન્ડિયન એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીઝ એસોસિએશનના પ્રેસિડેન્ટ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.
- પ્રો. વાર્ષ્ણેય આ અગાઉ આણંદ કૃષિ યુનિવર્સિટીના બે ટર્મ માટે કુલપતિ રહી ચુક્યા છે.
- આ એસોસિએશનના ગુજરાતમાંથી પ્રથમ વખત પ્રેસિડેન્ટ તરીકે વી.આર. મહેતા (નિવૃત્ત આઇએએસ) રહી ચૂક્યા હતા. અને હવે ફરી ગુજરાતમાંથી પ્રો. વાર્ષ્ણેય પ્રેસિડેન્ટ તરીકે નિયુક્ત થયા છે.

**(૫) GSRTC ને 'બેસ્ટ પ્રેક્ટિસ ઓફ સેફટી એટ વર્કપ્લેસ' એવોર્ડ :-**

- તાજેતરમાં ગુજરાત સ્ટેટ ઓફ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (GSRTC ) ને 'બેસ્ટ પ્રેક્ટિસ ઓફ સેફટી એટ વર્કપ્લેસ' નો એવોર્ડ એનાયત કરાયો હતો.
- આ એવોર્ડ એસોસિએશન ઓફ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ અન્ડરટેકિંગ (ASRTU) દ્વારા દિલ્હી ખાતે અપાયો હતો.
- કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ, હાઇવે અને શિપિંગ મંત્રી નિતિન ગડકરીના હસ્તે GSRTC ના વાઇસ ચેરમેન પંકજકુમાર (આઇએએસ)ને અપાયો હતો.

વિવેકાનંદ એકેડમી (સે.૨૨) મો.૯૯૨૫૬૯૮૭૨૧